# માનવ અધિકાર વકીલ

માનવ અધિકારના વકીલો એવા વ્યક્તિઓ અથવા લોકોના જૂથો માટે લડે છે જેમને ભારતીય બંધારણ દ્વારા આપવામાં આવેલ મૂળભૂત માનવ અધિકારોથી વંચિત રાખવામાં આવ્યા છે. તેઓ એ સુનિશ્ચિત કરવા માટે કામ કરે છે કે દરેક માનવીના મૂળભૂત અધિકારો, ખાસ કરીને વંચિત જૂથો જેમ કે એલ.જી.બી.ટી.ક્યુ., મહિલાઓ, દિવ્યાંગ વ્યક્તિઓ, વંશીય તેમજ ધાર્મિક લઘુમતીઓ વગેરેનું રક્ષણ થાય.

## વ્યક્તિગત નિપુણતા

- લોકોને મદદરૂપ થવું તમને ગમે છે
- મુદ્દાઓ પર ચર્ચા કરવી તમને પસંદ છે
- તમે સેવાભાવી સંસ્થાઓ માટે કામ કરવામાં રૂચિ ધરાવો છો
- તમે તમામ પ્રકારના લોકો સાથે સહજતાથી વાત કરી શકો છો




આ અભ્યાસક્રમની ફી આશરે રૂ. ૯,૦૦૦ થી ૨,૦૦,૦૦૦* જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- કાયદાના વિદ્યાર્થીઓ માટેની આદિત્ય બિરલા શિષ્યવૃત્તિ અને જી.ઈ.વી. મેમોરિયલ મેરિટ શિષ્યવૃત્તિ ખાસ કરીને કાયદાના વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ શિષ્યવૃત્તિ છે.
- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. કોઈપણ વિષયમાં સ્નાતક (BA / BSc / BCom / BBA / LLB)ની ડિગ્રી પૂર્ણ કરો અને ત્યારબાદ, માનવ અધિકાર કાયદામાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો. **અથવા**

કોઈપણ વિષયમાં સ્નાતક (BA / BSc / BCom / BBA / LLB)ની ડિગ્રી પૂર્ણ કરો અને ત્યારબાદ, માનવ અધિકાર કાયદામાં પી.જી. ડિપ્લોમા કરો.

૩. લૉ કૉલેજમાં પ્રવેશ માટે, તમારે સી.એલ.એ.ટી., એ.આઈ.એલ.ઈ.ટી., એલ.એસ.એ.ટી., એમ.એચ. સી.ઈ.ટી. લૉ, ટી.એસ. લો.સી.ઈ.ટી., એ.પી. લો સી.ઈ.ટી., ડી.યુ. એલ.એલ.બી., પી.યુ. એલ.એલ.બી., એસ.એલ.એસ. એ.આઈ.એ.ટી. જેવી પ્રવેશ પરીક્ષાઓમાં યોગ્યતા પ્રાપ્ત કરવી આવશ્યક છે.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે.

માનવ અધિકાર વકીલનું અંદાજીત માસિક વેતન રૂ. ૨૦,૦૦૦ થી ૩૫,૦૦૦* જેટલું હોય છે.

સ્રોત: ambitionbox.com/salaries/human-rights-law-network-salaries/advocate-lawyer

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** માનવ અધિકાર અદાલતો, પબ્લિક પ્રોસિક્યુશન, કાનૂની સલાહકાર સંસ્થાઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ, માનવ અધિકાર એજન્સીઓ, સમાજ કલ્યાણ વિભાગો, કોર્પોરેટ, મીડિયા ગૃહો.

**ઉદ્યોગ સાહસિકતા:** તમે સલાહકાર અથવા ફ્રીલાન્સર તરીકે સેવાઓ આપી શકો છો.

કાર્યસ્થળનું વાતાવરણ: આ ડેસ્ક જોબ નથી અને તમારે અલગ-અલગ, દૂરસુદૂરના ભૌગોલિક વિસ્તારોમાં મુસાફરી કરવાની જરૂર પડશે. (દા.ત. પુરાવા એકત્ર કરવા માટે). તમારે ટીમ સાથે કામ કરવાનું બને. તમારા કામના કલાકો લંબાઈ શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

ઈન્ટર્ન/ટ્રેની વકીલ → જુનિયર એસોસિયેટ → એસોસિયેટ → સિનિયર એસોસિયેટ
**અથવા**
ઈન્ટર્ન → જુનિયર એડવોકેટ → એડવોકેટ → વરિષ્ઠ એડવોકેટ

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

લીગલ ઈન્ટર્ન, લીગલ એડવાઈઝર, લીગલ કાઉન્સેલ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ કાયદા વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. જીએનએલયુ, ગાંધીનગર
૨. દિલ્હી યુનિવર્સિટી, દિલ્હી
૩. ઓસ્માનિયા યુનિવર્સિટી, હૈદરાબાદ
૪. ગવર્મેન્ટ લો કોલેજ, કોઝિકોડ
૫. ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઑફ લીગલ સ્ટડીઝ, પશ્ચિમ બંગાળ
૬. ઉત્તરાખંડ ઓપન યુનિવર્સિટી
૭. એચએનજીયુ, પાટણ
૮. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. એલ જે કૉલેજ ઓફ લૉ, અમદાવાદ
૨. ક્રાઈસ્ટ કોલેજ ઓફ લો, બેંગલુરૂ
૩. એન.ઈ.એફ. લો કોલેજ, ગૌહાટી
૪. એમિટી યુનિવર્સિટી, નોઈડા
૫. ગ્રેસ કૉલેજ, રાજકોટ
૬. અશોકા લો કોલેજ, જમ્મુ અને કાશ્મીર
૭. જી. ડી. ગોએન્કા યુનિવર્સિટી, ગુડગાંવ
૮. બી.એમ.એસ. કોલેજ ઓફ લો, બેંગલુરુ
૯. નવરચના યુનિવર્સિટી, વડોદરા
૧૦. આઈ.આઈ.એલ.એણ. યુનિવર્સિટી, ગુડગાંવ

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઇન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL* સ્વયમ: onlinecourses.swayam2.ac.in/cec20_hs24/preview
- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in

NPTEL-નેશનલ પ્રોગ્રામ ઇન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

## સાફલ્ય ગાથા

**સુનીલ ગુરમુખ** એક માનવાધિકાર વકીલ છે અને વેસ્ટર્ન લો, કેનેડા ખાતે પ્રવાસી વ્યાખ્યાતા છે. તેમણે વર્ષ ૨૦૦૫માં ક્વીન્સ યુનિવર્સિટીમાંથી બી.કોમ અને વર્ષ ૨૦૦૮માં વેસ્ટર્ન યુનિવર્સિટીમાંથી એલ.એલ.બી.ની પદવી હાંસ કરી છે. તેમણે કરેલા માનવાધિકાર કાર્ય માટે તેમને એક આગવી ઓળખ મળી છે અને વર્ષ ૨૦૧૬ પ્રિસડન્ટ સેટર એવોર્ડ અને વર્ષ ૨૦૧૭માં હેનેસી વી.એસ.ઓ.પી. પ્રિવિલેજ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા. તેઓ બે સ્ટ્રીટ બુલ્સ ૨૦૧૭ના પાવર ૫૦ ગાઈડના સભ્ય પણ છે.*

સ્રોત: https://law.uwo.ca/about_us/faculty/sunil_gurmukh.html

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.